# મુરીદ કોણ કરી શકે

લખીને પ્રસિદ્ધ કરનાર

કાજી જેનુદ્દીન શરફુદ્દીન.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું, છીપવાડ કાજીનાં ડહેલામાં. ડભોઇ.

સુરત ખપાટીયા ચકલા, લક્ષ્મીનારાયણની વાડીમાં
જૈન વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં મુળચંદ
કસનદાસ કાપડિયાએ છાપી.

કી. રૂ. ૦—૦—૬.

# બે બોલ.

ખુદાતાલાની તારીફ અને પેગમ્બર સ૦ની સના બાદ વિનંતી કરવાની કે આજકાલ ઘણા માણસો થોડો ઘણો ઇલમ પઢીને પોતાને મોલવી અથવા હાફેજી જાહેર કરી અથવા વગર ઇલમે પણ ચાલાકી વાપરી પોતે મશાયખ બની લોકોને પોતાની તરફ રજુ કરે છે અને વગર સનદે તેમને મુરીદ બનાવી પોતાની તાબેદારીમાં દાખલ કરે છે. આવા પોતાને મશાયખ તરીકે જાહેર કરનાર માણસો કોઇ પણ બુઝુર્ગની ઓલાદના હોતા નથી કે સનદ સાથે ખિલાફતવાળા હોતા નથી પણ થોડી ઘણી ઉપર ઉપરથી એ રસ્તાની માહિતગારી મેળવી પોતાને પીર તરીકે જાહેર કરે છે અને લોકોને ગુમરાહ બનાવે છે. લોકો બિચારા અજાણ્યા હોય છે તેથી એવા સખસોના પંજામાં સપડાઇ જાય છે અને પોતાનું ઇમાન તેમને સોંપી દઇ તેમને દીન દુનિયાના સરદાર ગણે છે. પણ જ્યારે તેમની હલકાઇને લીધે અથવા બીજા કોઇ કારણને લીધે તેમની હલકાઈ ઉઘાડી પડે છે ત્યારે લોકો બિચારા પસ્તાય છે પણ પાછળથી પસ્તાવાથી શું ફાયદો.

આવા પોતાની મતલબ સાધનાર ફાલતુઓના હાથમાં લોકો સપડાઇ જઇ એક બીજાની સાથે નકામા ઝગડા કરવા તૈયાર નહીં થતાં કોઈ સારા શાંત સ્વભાવના અને નેક ગાદીવાળા પીરની સોહબત અખત્યાર કરી આવા વખતમાં વફાદારી સાથે શાંતી અખત્યાર કરશે એવા હેતુથી આ કિતાબ લખવામાં આવી છે. તેથી આશા છે કે લોકો આ કિતાબ પુરેપુરી વાંચશે અને એવાઓથી પોતાને બચાવશે.

તા. ૧૫-૮-૧૬<br>
મુ. ડભોઈ ઠે. છીપવાડ<br>
કાજીના ડહેલામાં.

લેખક તથા પ્રકાશક<br>
**કાજી જેનુદ્દીન શરફુદીન.**

# મુરીદ કોણ કરી શકે?

જાણવું જોઇએ કે મશાયખો—પીરજાદાઓએ બએઅત એટલે મુરીદ કરવાનો સિલ્સિલો હીંદુસ્તાનમાં જારી કરેલો છે. હીંદુસ્તાનમાં કોઇ પેગમ્બર થયા નથી. અહીં તો પીરલોકોએજ ઇસ્લામ કરામતો દેખાડીને ફેલાવેલો છે. આ પીરલોકોએ ચાર મોટા તરીકા, ચૌદ ખાનવાદા, તથા સાત ગિરોહ વિગેરે કાયમ કરેલા છે. તો બનતાં સુધી આવા તરીકા કાયમ કરનાર પીરની ઓલાદના લોકો અગર તે લોકોના કુટુંબના જેને અધિકાર મળ્યો હોય તેવા લોકોના હાથ ઉપર બએઅત કરી તેમના મુરીદ થવું શ્રેષ્ટ—અફ્જલ છે. જે મરતબો મશાયખો-પીરજાદાઓનો છે તે બીજાઓનો નથી. કારણ કે તે પેગમ્બર સ૦ની આલના લોકો છે. પેગમ્બર સલ્લમે આ દુનિયાંથી ઊઠતી વખતે લોકોને વસીયત કરી હતી કે હું જાઉં છું અને તમારે માટે બે ચીજો મુકી જાઉં છું. તે કુરાન શરીફ તથા મારી આલના લોકો છે. માટે તેમને વળગી રહેજો. પેગમ્બર સલ્લમની આ વસીયત પ્રમાણે લોકોએ બનતાં સુધી આલના લોકોનેજ વળગી રહેવું જોઇએ. કોઇ પીરજાદા ઇલમવાળા, ચલણવાળા, અને બુઝુર્ગીવાળા હોય તો તે સાધારણ માણસ કરતાં ઘણે દરજ્જે ચડતા છે માટે તેવા મળે ત્યાં સુધી તેમના હાથે મુરીદ થવાથી વધારે ફાયદો છે. વળી પીરજાદાઓમાં પણ ગાદીવાળા સૌથી ચડતા કહેવાયછે. તેઓમાં ઊપલા ગુણ હોય તો તેમને હાથેજ મુરીદ થવામાં ફાયદો છે. ખરો મુરીદ કરવાનો હક આવા

પીરજાદાઓનોજ છે. જો તેઓ મુરીદ બનાવવાનું ના કહે તો તેમના ભાઇ ભત્રીજાને હાથે મુરીદ થવું જોઇએ. અને જો તે પણ ના કહે તો પછી તેમની ગાદીના ખલીફાને ખોળી કહાડવા જોઇએ. આવા ખલીફાની નજરમાં આવે તો ગાદીવાળાએ જો તેમને મુરીદ કરવાની સનદ આપી હોય તો તેઓ મુરીદ કરી શકે છે. પણ સનદ વગર કોઇ પણ ખલીફા મુરીદ કરી શકતા નથી. રસ્તે ચાલનારો કોઇ સખસ પોતાને અમુક સિલસિલાનો માણસ બતાવે અને તે તરીકામાં બીજાઓને મુરીદ બનાવવા માગે તો ગાદીવાળાની પરવાનગી વગર કે તેમની સનદ વગર તે તેમને તે તરીકામાં મુરીદ બનાવી શકતો નથી. કારણ કે જે તરીકામાં તે મુરીદ બનાવવા માગે છે તે તરીકાના મુખ્ય સખસ તો તે તરીકાની ગાદીવાળા સાહેબ છે, નહીં કે બીજા. તેટલા માટે ગાદીવાળા પીર સાહેબની અગર તેમના વડીલોની પરવાનગીની તો ખાસ જરૂર છે. કોઇ માણસ પોતાને ચિસ્તી, કાદરી, નક્શબંદી કે સોહરવર્દી સિલસિલાનો ખલીફા બતાવતો હોય અને તે એ તરીકાની ગાદીઓથી વાકેફ ન હોય અથવા એ ગાદીવાળાથી તે જુદો પડીને અથવા એ તરીકાની સનદ વગર મુરીદ બનાવતો હોય તો તેનું મુરીદ બનાવવું સનદ વગરનું છે. ફકત તેના કહેવા ઉપરજ કાંઇ ભરોસો રાખી શકાય નહીં કારણ કે મશાયખોએ એવા કાયદા બાંધેલા છે, તેથી કાયદાના ખિલાફ જે કામ થાય તે મશાયખોના સિલસિલામાં આવી શકે નહીં. મુરીદ બનાવનાર માણસ એવો હોવો જોઇએ કે તેને ખલીફાની મળેલ સનદને લીધે નજીકની ગાદીવાળા પીર તથા તેમનાં કુટુંબના પીરજાદાઓ તથા નજીકમાં રહેતા બીજા તરીકાના મશાયખો તેને જાણતા તથા કબુલ કરતા હોવા જોઇએ.

કોઇ સખસ સારા ચલણનો હોય અને તે ફકત જીભથી કહે કે હું ફલાણા પીરનો ખલીફો છું તો તેટલા ઉપરથીજ તે મુરીદ બનાવવાને લાયક થાય છે એમ માનવાનું નથી. તેને માટે તેની પાસે ખિલાફતની સનદ હોવી જોઇએ. જો સનદ ન હોય તો તે કોઇને મુરીદ કરી શકે નહી. એક સખસ કોઇ પીરનો કે ખલીફાનો મુરીદ હોય તેથી તે કોઇને મુરીદ કરી શકતો નથી. આવો સખસ જો મુરીદ કરે તો તે તદન ખિલાફ છે. કારણકે જો એવા સખસોને મુરીદ કરવાનો હક હોય તો પછી બધાજ લોકો બીજા લોકોને મુરીદ બનાવતા થઇ જાય, પણ બુજુર્ગોએ એ હક માત્ર ગાદીવાળાઓને તથા મુરીદ કરવાની જે ખલીફાને સનદ આપી હોય તેમનેજ આપેલો છે. જેજે લોકોને બીજાઓને મુરીદ કરવાની સનદ આપવામાં આવે છે તે લેખી આપવામાં આવે છે તથા તે ઉપર આપનાર બુજુર્ગની મહોર તથા સહી કરેલી હોય છે તથા કેટલીક વખત સાક્ષીઓ પણ હોય છે અને તે જાહેર મજલિસમાં આપવામાં આવે છે. આવી સનદ જેની પાસે ન હોય તે કોઇને મુરીદ કરી શકતો નથી. અને જો કરે તો તેના મુરીદ તરીકાવાળા ગણાય નહીં કારણ કે તે બે-સનદી છે. જો આ બાબતમાં શંકા હોય તો જ્યાં જ્યાં બુજુર્ગોના તરીકાની ગાદીઓ છે તેમને જાતે જઇને અગર લખીને પુછી મંગાવશો તો ખાત્રી થશે કે અમારૂં આ કહેવું બરાબર છે કે નહીં. પીરી-મુરીદીનો તરીકો બુજુર્ગો-વલીલોકોનો છે. જે લોકો વલીલોકોને માનતા નથી તે આ તરીકામાં આવી શકતા નથી; પછી તે ગમે તેના મુરીદ હોય. કારણ કે મુરીદ થવાનો માયનોજ એ છે કે અમુક સિલસિલાના વલી લોકોનો તરીકો અખત્યાર કરવો. અને તેમને માને નહીં અને તેમના કહેવા પ્રમાણે ચાલે નહીં તો તે તે તરીકાનો કદી પણ ગણાય નહીં. જે

સિલસિલાનો તે મુરીદ થાય તેણે પહેલાં તો તે સિલ-સિલાના વલી-લોકોની હકીકતથી વાકેફ થવું જોઇએ. તેઓ શું શું કહી ગયા છે, તથા શું શું કરી ગયા છે તે તેમની કિતાબો પઢીને જોવું જોઇએ. જ્યાં સુધી તેઓ વલીલોકોની કિતાબો જોયા વગર અને તેમના સિલસિલાની કિતાબો પઢયા વગર ભલતા માણસના હાથથીજ મુરીદ થાય છે તેમાં તેમનું કાંઇ વળતું નથી. ફલાણો સખસ આવો વજીફો બનાવે છે, કે ફલાણો સખસ આમ જીકર કરવાનું શીખવે છે, કે ફલાણો સખસ આમ દિલ ચાલુ કરી દે છે એટલાજ માટે કોઇ તેનો મુરીદ થતો હોય તો તે બુજ્રુગોના સિલસિલામાં આવી શકતો નથી. કારણ કે તેની પાસે મુરીદ કરવાની સહી તથા મહોરવાળી સનદ નથી. જે સિલસિલાના પીર કોઇને મુરીદ કરવાની સનદ આપે છે તે તેને પોતાના સિલસિલાના એક ખલિફા તરીકે કબુલ કરે છે. કબુલિયત વગર જોડાણ થઇ શકતું નથી. તેટલા માટે જે સનદ મેળવ્યા વગર કોઈ મુરીદ કરવા તૈયાર થાય તો તે મુરીદોને તે સિલસિલામાં જોડી શકતો નથી. આવો મુરીદ કરનાર તથા તેના મુરીદ કોઇ પણ સિલ-સિલામાં દાખલ નહીં થઇ શકતાં અધરીયા રહે છે. જો અમારૂં આ કહેવું ખોટું જણાય તો જે લોકો બુજ્રુગોના તરીકાની ગાદીવાળા છે તેમનાથી ખાંત્રી કરો તો સાફ જણાઇ આવશે. કારણ કે જો એમ વગર સનદે બીજા લોકોને મુરીદ કરવાનો હક મળતો હોય તો પછી સિલસિલાની અને ગાદીવાળા પીર તથા ખલીફાઓની જરૂરજ નથી. જેવી રીતે ધણી કોઇ ઓરતને નીકાહમાં કબુલ કરે ત્યારેજ તે તેની ઓરત ગણાય તેમ અહીં પણ કોઇ પીર સનદ આપીને બીજાને ખલીફા તરીકે કબુલ કરે ત્યારેજ તે ખલીફા ગણાય અને ત્યારેજ તે પરવાનગીથી બીજાને મુરીદ બનાવી શકે. કોઇ મોલવી સાહેબ કે હાફેજી સાહેબ

સારા ઇલમવાળા તથા સારા ચલણના કે ઘણો વખત ખુદાની યાદ કરનારા છે એટલા ઉપરથીજ તેમને બીજાઓને મુરીદ કરવાનો હક મળી શકતો નથી. તેમ તેવા સખસના જે લોકો મુરીદ થાય તે કોઇ પણ બુજાુર્ગોના સિલસિલામાં આવી શકતા નથી. કારણ કે સનદ વગરના માણસના મુરીદ બેસનદ છે. આમ કરવામાં બુજાુર્ગોનો એ હેતુ છે કે કોઇ સખસ ખલીફા થવાને લાયક હોય તેવાનેજ સનદ આપવી. અને તેથીજ તેઓ સનદ આપવાની બાબતને એક ઘણીજ અગત્યની બાબત ગણી ગયા છે. તેઓ જેને સનદ આપતા તેને સારી રીતે તપાસી જોતા અને તેમની ખાત્રી થતી તો સનદ આપતા. કોઈ પણ જાતની સનદ આપવી એ લાયકાતનો અધિકાર આપવા બરાબર છે. વકીલની સનદથી માણસ વકીલાત કરવાને લાયક બને છે. ડાકટરની સનદથી માણસ ડાકટરના ધંધાને લાયક થાય છે. મોલવીની સનદથી માણુસ મોલવીપણાને લાયક થાય છે. માણુસ ગમે તેવો ઇલિમવાળો હેય અને જો તેની પાસે સનદ ન હોય તો તે મોલવી કહેવાતો નથી. મોલવી થવાથી બીજા લોકોને તે પોતાની તાબેદારીમાં લઇ શકતો નથી. પણ બુજાુર્ગોના ઇમતેહાનમાં પાસ થઈ સનદ મેળવી ખીલાફત હાંસલ કરે છે તે તો બીજાઓને મુરીદ બનાવી પોતાની તાબેદારીમાં લઇ શકે છે. ફકત મોલવી વગર સનદે થઇ શકતા નથી તો પછી ખલીફા તો થઇ શકેજ કેમ? જ્યારે પીર લોકો કોઇ સખસને તપાસી જોઇ તે ખલીફા થવાને લાયક છે કે કેમ તેવી સનદ આપે ત્યારેજ તે કોઇને મુરીદ બનાવવાને લાયક થાય, ત્યાં સુધી તો નહીંજ. માટે એવા બેસનદી સખસના મુરીદ થવું એ બેપીરા રહેવા બરાબર છે. જો આ બાબત તમને ખોટી જણાય તો વલીલોકોનો સિલસિલો ચલાવનાર ગાદીવાળા સાહેબોથી પુછો તો ખાતરી થઇ જશે. માટે જો એવા

બેસનદી સખસના મુરીદ થયા હોય તેમણે ફરીથી કોઇ સિલસિલાવાળા સાહેબના મુરીદ થવું જોઇએ.

કોઇ કહે કે હું ફલાણા સાહેબનો મુરીદ છું તો તે માની શકાય, કારણ કે તેના મુરીદ થવાથી બીજાને કાંઇ નફો નુકશાન નથી. પણ કદાચ કોઇ કહે હું મુરીદ બનાવી શકું તો તે ખિલાફતની સનદ વગર માની શકાય નહીં. કારણ કે તેમ કરવાથી તે બીજાઓને મુરીદ બનાવી ખરે રસ્તે અથવા આડે રસ્તે દોરવાનો અધિકાર હાંસલ કરે છે; એટલે તે તેમનું ઇમાન પોતાના કબજામાં લઇ શકે છે. તેટલા માટે તેની ખરી ખાતરી કરવાની જરૂર છે. પણ એવા મુરીદ કરવા બહાર પડેલાઓ લોકો ખાતરી કરે એવો વખતજ આવવા દેતા નથી. કારણ કે તેઓ પેહેલાં બેચાર માણસોને પોતાના હાથમાં લઇ લે છે. અને પછી તેમની મારફત પોતે બધાઓમાં મશહુર થાય છે. શરૂઆતમાં તેઓ અલ્લાહના રસ્તાની વાતો કરી લોકોનાં દેખતાં ઝિકર મુરાકબા કરવાનો દેખાવ કરે છે અને લોકોને પોતાના તરફ રજુ કરે છે. અને જ્યારે લોકો તેમની પાસે ખુદાના રસ્તાની કાંઇ ચીજ માગે છે ત્યારે ચાલાકી વાપરી કહેછે કે અમારી પાસે તો કાંઇ નથી! અમે તો માત્ર મહેનત કરી પેટ ભરીએ છીએ અને થોડું ઘણું હાથ લાગી ગયું છે તેને સાચવી રહ્યા છીએ. તમે કોઇ બીજા કામિલ સખસ ખોળી કહાડો અને તેમનાથી ન્યામત હાંસિલ કરો! અમારામાં શું છે! અમે તો મહેનત મજુરી કરી પેટ ભરી દહાડા કહાડીએ છીએ! આવા આંવા ભેદ ભરેલા શબ્દો ભોળા લોકો આગળ બોલે છે તેથી તે બિચારા વધારે લલચાય છે અને એમજ સમજે છે કે એજ કામિલ વલી છે. નહીંતો આવું બોલેજ નહી. તેમની બોલીથી ગરીબ લોકો અંજાઇ જાય છે અને ખુદાનો રસ્તો હાંસિલ કરવાની લાલચમાં તેમના મુરીદ થઇ જાય છે.

પણ તેમની રૂહાની તાકત, તેમના ચહેરાનું તેજ, તેમની ખાનદાની, તેમનો શીજરો કે ખીલાફતની સનદ કાંઇ પણ જોતાજ નથી. જો જોતા હોય તો તેમને માલમ પડે કે તેઓ કયા ખાનદાન તથા સિલસિલાના છે. જો તેમને લોકોને ફસાવવાનો ખ્યાલ ન હોય તો તેઓ શું કરવા લોકોના દેખતાં એવું કરે ? બુઝુર્ગોના તરીકા પ્રમાણે ઉપર જણાવેલી બાબતોની ખાતરી કર્યા સિવાય કોઇના મુરીદ થવું જાએજ નથી. તોપણ તેઓ એવી ચાલાકી વાપરે છે કે લોકો કાંઇ જુવેજ નહીં. પહેલાં તો તેઓ કોઇ ગામના એક બે માણસોને પોતાના કાબુમાં લઇ લે છે અને તેમની મારફત પોતાની નામવરી તે ગામમાં ફેલાવે છે અને તેમની સમજાવટથી બીજા કેટલાકને પોતાના તરફ ખેચે છે. જે માણસોને તે પહેલાં પોતાના કાબુમાં લે છે તે માણસો બીજાઓને એમજ સમજાવવાનો ધંધો કરે છે કે ફલાણા સાહેબ તો કામિલ વલી છે! એમના જેવા તો આ જીલ્લામાં બીજો કોઇ છેજ નહીં ! ખુદાનો રસ્તો એ એવો જાણે છે કે જે એમનો પલ્લો પકડે તે તર્યા વગર રહે નોજ નહી! તે એવા તો બેપરવા છે કે કોઇથી વાતજ કરતા નથી. તમે વાત કરવા માગશો તો પહેલાં તો તે તમને દાદ આપશે નહી! પણ ... રે તો તેમને વળગીજ પડવું કે સાહેબ ગમે તેમ કરો પણ અમને આપની ગુલામીમાં કબુલ કરો! તેઓ તમારી આગળ કબુલ થશે નહીં અને ઉટલા આડું આડું બોલશે પણ તમારે જરાએ માનવું નહી! જો ભુલ્યા તો રહ્યા! આવું આવું તેમના આડતીયા ગામમાં લોકોને સમજાવી તેમની પાસે મોકલે છે અને તેમને ફંદામાં નાંખે છે. પોતે પડયા હોવાથી પસ્તાય છે તો ખરા પણ એક રાંડી રાંડ બીજીને પણ રાંડીરાંડ જોવા ઇચ્છે એ પ્રમાણે બીજાઓને પણ તેઓ તેમાં ફસાવે છે અને પોતે પહેલાના મુરીદ

હોવાથી જાણે વધારે ન્યામતો લઇ બેઠા હોય એવો ડોળ દેખાડે છે અને પોતે મોટા કહેવડાવા ખાએશ રાખે છે. પણ જ્યારે તેમને કોઇ પુછે છે કે ભાઇ તમે પોતે એ સાહેબના મુરીદ થયા અને ઘણા દીવસના જુના અને માનીતા મુરીદ છો તો તેમણે તમને શું શીખવાડયું અને કયા દરજે તમે પહોંચી ચુકયા તથા કઇ મંઝિલ તમે પાર કરી? ત્યારે તો તેઓ ઉલટી સુલટી વાતો કરે છે અને કહે છે કે અમે તેમના બતાવ્યા પ્રમાણે ચુપ રહી તહજ્જુદ ગુજારીએ છીએ અને ઇલિલ્લાહની ઝિકર કરીએ છીએ. હાલ તો અમે આ ઇબાદતમાં છીએ. જયારે કોઇ પુછે છે કે ભાઇ આવું તો તમે પાંચ સાત વરસથી કરો છો તો તેમાં તમે વધારો શું કર્યો? અને બીજા ગાદીવાળા પીરના મુરીદ કરતાં કઇ ચીજ તમે વધારે પેદા કરી? તો તેઓ કહે છે કે અમે વધારે ઝિકર કરીએ છીએ. તેમને જયારે કહેવામાં આવે છે કે બધાનુંજ કામ કંઇ ઝિકર કરવાનું નથી. બધાજ જયારે ઝિકર કરવા તૈયાર થશે ત્યારે ઘરબાર કોણ સાચવશે અને મદરસામાં ઇલિમ શીખવા કોણ જશે? જયારે ફાલતુ-ઓના શીખવાડવાથી બધાજ ઝિકર કરવા માંડશે તો પછી તેઓ ગલી ગલી ઝિકર લઇ ભટકતા ફરશે અને દિવાના થઇ રસ્તેથી ઉખડી જશે. આવા ઘણા દાખલા બન્યાનું આપણા જાણવામાં છે. કેટલાક આવા ફટકેલા માણસોને ગાદીવાળા સાહેબો પાસે લાવવામાં આવે છે જેને તેઓ મહા મેહનતે ઠેકાણે લાવે છે. તહજ્જુદ ગુજારવાનું અને ઝિકર કરવાનું કામ કાંઇ સાધારણ માણસનું નથી. હજાર નાડીમાં જીવ ફસાએલો હોય એવા માણસનું આ કામ નથી. બુજ્રુગોની કિતાબો વાંચશો તો તમને ખાતરી થશે કે આ કામ કરનાર તો દુનિયાને મલઉન સમ-

જનાર હોવા જોઇએ. જયાં સુધી દુનિયાની મોહબ્બત મનમાંથી નાબુદ ન થાય ત્યાં સુધી આવા કામમાં પડવું કે બીજાને પાડવું એ બુઝુર્ગોના રસ્તાને એબ લગાડવા બરાબર છે. કહેવત છે કે "ઘાંચીનો બળદ સો ગાઉ ચાલે તોપણ ઘેરનો ઘેર"। તેમ આનું પણ છે. અમે આવા આડતીયાઓને તથા બેસનદ મુરીદ બનાવનારના મુરીદોને પુછીશું કે ભાઇ તમો આટલા દીવસથી મહેનત કરો છો તો તમે શું હાંસિલ કર્યું ! ત્યારે તેઓ કાંઇ સંતોષકારક જવાબ આપી શકતા નથી કે કાંઇ વધારે ચમત્કાર બતાવી શકતા નથી. અને કેટલીક વખત એમ કહેછે ભાઇ ઝિકર કરી કરીને છાતીમાં દરદ ઉપડી આવેછે તો પણ કસ્ફ થતો નથી .અહીં જાણવું જોઇએ કે છાતીમાં દરદનું પેદા થવું એ એક પ્રકારની ખામી છે. જ્યારે બેવજન ઝરબ મારવામાં આવે છે ત્યારે આવું થાય છે. બેવજન ઝરબથી બદનમાં સુસ્તી પેદા થાય છે. માથુ, પીઠ, તથા આંખો ભારે થઇ આંવે છે. કમ્મરમાં, છાતીમાં તથા માથામાં દુઃખાવો પેદા થઇ જાય છે. મ્હોડું કોરૂં પડી જાય છે. આંખમાં બળતરા બળવા માંડે છે, મગજ સુકું પડી જાય છે, નીંદ નાશ પામે છે. શરીરમાં ધગારો રહે છે, કબજીઅત થવા માંડે છે. દીલ ઉપર જખમ પડી જઇ તેનાં તાંતણાં જુદાં પડી જાયછે અને ટુંકામાં શરીરમાં એવી કમતાકતી આવી જાય છે કે માણુસને તદન નકામો કરી નાંખે છે. બેવજન ઝરબથી આવું થાયછે જયારે બિજ્જનસર ઝરબથી માથે સારો મુરશદ હોય તો ટુંક મુદતમાં માણુસ સાહેબે વસ્ફ થઇ જાય છે. આ વાતો તો ગાદીવાળા સાહેબો છે તે સારી રીતે જાણે છે. કારણ કે તેમના બાપદાદાનો એ કસબ છે. ચિસ્તીયા ખાનદાનના ગાદીવાળા તો નજરથી આપે છે. બધાને ઝિકર કરાવતા નથી. બીજો કોઇ માણુસ કદાચ આવું લઈ દોડે તો

તે લોકોને ખત્તા ખવડાવે. જ્યારે સનદ લેવાનુજ તે સમજતા નથી અને સનદ વગર મુરીદ કરવું જાએઝ છે કે નહીં એટલું પણ તે સમજતા નથી તો પછી બુજુર્ગોના તરીકા પ્રમાણે ઝિકર કરવાનું તે શું સમજે? અમે.આવા લોકોને ઘણી વખત સવાલ કર્યો છે પણ તેઓ કાંઇ જવાબ આપી શકતા નથી. તેમના મુરીદોને અમે ઘણી વખત પુછયું છે કે ભાઇ તમને મુરીદ બનાવનાર કયા ખાનદાનના છે, તેમનો ખાનદાની શીજરો પગમ્બર સલ્લમના કયા ખલિફા સાથે મળે છે, તેમનો ન્યામતી શીજરો કયા તરીકાનો છે, તેમણે મુરીદ કરવાને સનદ કયા ગાદીવાળા પીર સાહેબ પાસેથી મેળવેલી છે? ત્યારે તેઓ કાંઈ જવાબ આપી શકતા નથા. જયારે તેઓ કોઇ ગાદીવાળા સાહેબને પુછેતો તેમને ખુલાસો મળે કે બુજુર્ગોને-દીનના રસ્તા કેવા છે. કેટલાક લોક પોતાને ચિસ્તી અગર કાદરી ખાનદાનનાં જાહેર કરે છે અને કેટલાક નકસબંદી અગર રિફાઇ તરીકાના જાહેર કરે છે, પણ કોઇ ગાદીવાળા સાહેબ તેમને સવાલ કરે છે તો તેઓ જવાબ સુધાં આપી શકતા નથી. અને તેમની આગળ ગાય જેવા બની જઇ તથા નમી પડી પોતાનો બચાવ કરે છે. અમે તેમને એટલુંજ પુછીએ છીએ કે શું તમારા મુરીદો બુજુર્ગો- વલી લોકોને માને છે? તેમની કિતાબોને વજનદાર ગણે છે? તેમના મઝાર ઉપર જયારત કરવા જાય છે? તેમની કરામતોના કાયલ છે? ખુદ તમારા તરીકાના પેસ્વાઓથી, તેમની કીતાબોથી તેમની દરગાહોથી તથા તેમની કરામતોથી શું તેઓ વાકેફ છે? ઘણા માણસો જાણતા નથી એટલુંજ નહીં પણ જાણવા દરકાર નહીં કરતાં ઇનકારકરે છે. તો શા માટે તમે તેમને બુજુર્ગોના રસ્તે ચડાવતા નથી? જે બુજુર્ગોનો રસ્તો તમે જબરજસ્તી પકડી બેઠા છો તેમના તરફ શા માટે તમે તેમને રજુ કરતા નથી? તમે પોતાને ખલિફા જાંહેર કરો

છો તો તમે ખલિફાની કઇ ફરજ બજાવો છો ? તમે જાહેરમાં પગે ચાલીને તથા સાદો ખોરાક ખાઇને તથા સાદો લેબાસ પહેરીને લોકોને એમ જણાવવા માગો છો કે અમે ફકીરી કરીએ છીએ. પણ આ તકે અમારે કહેવું પડે છે કે જ્યારે તમારી પાસે કાંઇ સાધન છેજ નહીં તો તમે એવો દેખાવ રાખો એમાં નવાઈ શું ? તમારી પાસે જોઇતા સાધન હોય અને તમે તેઓ દેખાવ રાખોતો હજુ કાંઇક ગણાય. ગાદીવાળા સાહેબો પાસે અનેક સાધનો હોય છે તેવા એવો સાદો તથા ફકીરાની દેખાવ રાખેતો તે વખાણવા જોગ છે. પણ તમારી પાસે તો સાધનજ નથી તો પછી તમારી સરખામણી ગાદીવાળાઓ સાથે થાયજ શી રીતે ? આવા લોકોને આ તકે અમારી એજ સલાહ છે કે તેમણે ગરીબ લોકોને નકામા ફસાવવાની કોશીશ કરવી જોઇએ નહીં. મુરીદ કરવાનું કામ ગાદીવાળા સાહેબોને સોંપી દઈ કમ્મર કસી સરકારને મદદ કરવા બહાર પડવું જોઇએ કે તેમના જેવા રૂહાની તાકતવાળા માણસોની કોશીશથી સરકારના ઉપયોગને માટે આવા વખતમાં જોઇતા માણસો મળી આવે.

લોકોએ જાણવું જોઇએ કે પીર પોતાના કરતાં ઉંચા ખાનદાનના હોવા જોઇએ. કારણ કે જો પીર હલકી કોમના હોયતો મશાયખો પીરજાદાઓની મજલિસમાં તે પોસાય નહીં. તે ભલે સારા હોય પણ તેમના જેટલા ગુણ ધરાવનાર પીરજાદા કાંઇ તેમનાથી ઉતરતા ગણાય નહીં. આથી જો પીર સારા ખાનદાનના હોય તો મુરીદને બુજુર્ગોના સિલસિલાઓની મજલિસમાં પાછા પડવાનો વખત આવે નહીં. કારણ કે બીજા લોકો ગમે તેવા આગળ પડતા હોય તો પણ તે ગાદી વાળાઓ કરતાં ઉંચા ગણાય નહીં.

કેટલીક વખત એવું બને છે કે હલકી કોમના માણસો ઇલમ પઢીને પોતાને સાદાત-મશાયખ-પીરજાદા તરીકે જાહેર કરે છે અને બુજ્રુગોંના શીજરા મેળવી તે સાથે પોતાનું નામ જોડી દે છે અને ઇલમના લીધે પોતાને બુજ્રુગોંના સિલસિલાના હોવાનું જણાવે છે. પણ તેવાઓથી ચેતીને રહેવું જોઇએ. તેમના ખાનદાનથી જો વાકેફ઼ગારી ન હોય તો બહેતર છે કે તેમનાથી દૂર રહેવું અને જો વાકેફ઼ગારી હોય અને તેઓ હલકી કોમના માલમ પડે તો જો બની શકે તો બીજા ખાનદાની માણસની શોધમાં રહેવું કે જેથી તેની સાથે સંબંધ જોડવાથી સિલસિલામાં દાખલ થવાય. આપણે જાણીએ છીએ કે જયારે છોકરો કોઇ સરકારી કેળવણી ખાતાએ કબુલ કરેલી નિશાળમાં ભણવા જાય છે ત્યારેજ તેને ખાતાવાળા પરિક્ષામાં બેસાડે છે અને સરટિફિકેટ આપે છે. પણ જે નિશાળને ખાતું કબુલ કરતું નથી તેના નિશાળીઆને શી રીતે કબુલ કરી શકે ! એવું આ પણ સમજવાનું છે. જો બેસનદી લોકો ફક્ત ઇલમ પઢેલા છે તેથીજ કદાચ મુરીદ બનાવવાને લાયક થાત તો ઘણા લોકો આલિમ હોવાને લીધે મુરીદ કરવાનું ઉઘાડે છોગે લઈ બેસત. પણ અમારા જાણવામાં છે કે થોડા વરસ ઉપર સુરતની નજીક કોઇ ગામના આલિમે બે ત્રણ મુરીદ કર્યા હતા તેવામાં એક ગાદીવાળા પીર સાહેબે તેમને કેટલીક બાબતોનો ખુલાસો પુછ્યો અને કાયદા પ્રમાણે સનદ માગી. તે વખતે પેલા સાહેબ સનદ નહીં હોવાથી ઘણા પશેમાન થયા અને ત્યારથી તેમણે મુરીદ કરવાનું કામ બંધ કરવાનું કબુલ કર્યું હતું. તે ઉપરાંત ઉત્તર ગુજરાત તરફ એક શીઆ માણસ નીકળ્યો હતો તે દર અઠવાડીએ મજલિસ કરતો અને લોકોને બોલાવી ચા પાણી પાઇ ઉંધું

ચતું સમજાવી તેમને પોતાના તરફ ખેંચતો અને પોતાને હજરત અલી અધું આવીને કહે છે એમ જાહેર કરતો. કેટલાક અણુસમજુ તેનું ખરૂં માનતા અને કેટલાક સમજદાર તેને બેવકુફ ગણુતા અને તેને મોટાઇ આપી તેનું ચાપાણી પી જતા. આવી રીતે તેણે ઘણા પૈસા ખરચ્યા અને કેટલાકને પોતાની જાળમાં નાંખ્યા પણ છેવટે ત્યાંના મશાયખોએ તેની કલાઇ ઉઘાડી પાડી દીધી એટલે તે એ જગા છોડી બીજે ચાલી ગયો. આવા ઘણા દાખલા બને છે તેથી માણસે મુરીદ થવા પહેલાં ઘણો વિચાર કરવો જોઇએ. વળી કેટલાક મશાયખો કે જેમનો મુરીદ કરવાનો તરીકો લાંબા વખતથી છુટી જવાથી સિલસિલો તુટી ગયો હોય છે તેઓ પણ મુરીદ કરવાને હક ધરાવતા નથી.

અત્રે જાણવું જોઇએ કે ગુન્હાથી તોબા કરવા માટે કોઇના પણ હાથ ઉપર બૈઅત કરવામાં વાંધો નથી પણ બુઝુર્ગોના સિલસિલામાં દાખલ થવું હોય તોતો ગાદીવાળાનેજ શોધવા જોઇએ.

કેટલાક લોકો કોઇ મોલવી, હાફીઝ કે ફકીર આવેછે તેનેજ ભરેલું વાસણુ ગણી તેના મુરીદ થઇ જાય છે અને જ્યારે તેની હલકાઇ ઉઘાડી પડે છે ત્યારે પસ્તાય છે. પણ પાછળથી પસ્તાવાથી શું ફાયદો ? આવાઓથી સંબંધ જોડવા પહેલાં સો વખત વિચાર કરવો જોઇએ. અને તે ક્યાંનો, કયા ખાનદાનનો, કોનો સબંધી અને કોની ઓળખવાળો છે તેની પહેલાં ખાતરી કરવી જોઇએ. ખાતરી કર્યા વગર મુરીદ થવું એ પણ બેસનદી છે. આવા લોકો આપણા દેશમાં કાંઇ કાંઇ કાવત્રાં કરે છે અને પોતાને સાદાત જાહેર કરી લોકોને ફસાવે છે. પણ એવાઓના પંજામાં નહીં સપડાતાં જે પીરજાદાઓથી આપણે વાકેફ હોઇએ અને જેમનું ખાનદાન આપણુને જાણીતુ. હોય તેમનો પલ્લો

પકડવો એ બહેતર છે. પરદેશીઓ પોતાની ખરી જાત છુપાવીને પોતાને વગર સનદે પીરજાદા તરીકે જાહેર કરે છે એમાં તેઓ ધડ-ધડિત જૂઠું બોલે છે. જે માણુસ શરૂઆતમાંજ જુઠું બોલવાનો કબીરો ગુન્હો કરી લોકોને પોતાની જાળમાં ફાંસવાની ઢબ આદરે એ કેટલા દરજ્જે બીજાને મુરીદ કરવાને લાયક છે તેનો વિચાર કરવો જોઇએ. આવા ભળતા લોકોના મુરીદ થનાર એવા પરદેશીઓના ખાનદાનનો કે તેમના ચલણનો વિચાર કરતા નથી પણ તેમની જીભની ચતુરાઇથી અંજાઇ જઇ તેમને પોતાનું તમામ સોંપી દે છે, પણ કેટલાક લોકો તો કહે છે કે આમાં લોકોનો વાંક શું? ઘણાખરા તો તદન જાહેલ હોય છે. કુરાને શરીફનો એક સિપારો પણ પુરો પઢી જાણતા નથી. ફકત નમાજ પઢવા જેટલી પા સિપારાની સુરતો તેમને આવડતી હોય છે અને ગુજરાતી તુટું ભાગ્યું લખી વાંચી જાણે છે તેથી તેમને શું ખબર કે ઇલમ શું ચીજ છે અને સારો માણુસ કેવો હોય છે. એ તો કોઇ માણુસ નમાઝ પડીને આંખ બંધ કરી સુરાકબો કરવાનો દેખાવ કરે તો તેને એમજ સમજી બેસે છે કે એ ખુદાને પહોંચી ગયોછે. એટલે તેને માનતા થઇ જાયછે. ત્યારે તેમના માંના કેટલાક એવા હોય છે કે જે કોઇ ગેરમુકલ્લિદ-વહાબી આલિમની લખેલી કિતાબ વાંચીને બુજુર્ગ લોકોનું ભુંડું બોલતા થઇ જાય છે. પણ એટલું સમજતા નથી કે હીંદુસ્તાનમાં ઇસ્લામ લાવનાર તો બુજુર્ગ લોકોજ છે. જો બુજુર્ગ લોક ન હોત તો આજે હીંદુસ્તાન પણ કુફરસ્તાનના ખાડામાંજ હોત. કારણકે અહીં કોઇ પણ પેગમ્બર થયા નથી કે કદી આવ્યા નથી. ઉપલી બે જાતના લોક સિવાય એક ત્રીજી જાતનાં લોકો પણ હોય છે જે તદન ઢિલ-મુલ-યકીન હોયછે. આ લોકો ઇલમ શું છે તે તદન સમજતા નથી પણ બીજા લોકોનું જોઇને

ભળતી વાતો કરવા માંડે છે. આ લોકો જેના કાબુમાં આવ્યા તેની સાથે થઇ જાય છે. પોતાના ગામમાં હોય છે ત્યારે બધાની સાથે સાથે મસ્જીદમાં નમાઝ પઢવા જાય છે અને જ્યારે ઘર છોડીને પરદેશમાં જાય છે ત્યારે ત્યાં ગેર મુસલમાનોના ચલણ ઉપર ચાલતા થઇ જાય છે. તે એટલે સુધી કે ઉભા ઉભા પેશાબ શુદ્ધાં કરે છે. ઉપરના ત્રણે જાતના લોકોને ઇલમતો હોતો નથી એટલે ખરૂં ખોટું પારખી શકવાની પણ તેમનામાં આવડ હોતી નથી. કોઇ માણસ કદાચ ભળતી ચોપડી છપાવી તેમને પકડાવી દે છે તો તેને તેઓ માનતા થઇ જાય છે પણ જ્યારે અમલ કરવાનો વખત આવે છે ત્યારે સો ગાઉ નાસી જાય છે. દાખલા તરીકે એવો ચોપડી છપાવનાર આલિમ કદાચ તે ચોપડીમાં એવું છાપે છે કે ખુદાની યાદ સિવાય એકદમ પણ જો ખાલી જાય તો તે સારૂં નથી માટે માણસે હરદમ ખુદાતાંલાની યાદમાંજ રહેવું જોઇએ; અને પીર–વલી લોકોને માનવા અને તેમની તાબેદારી કરવી એ દુરસ્ત નથી તો લોકો પહેલી બાબત ઉપર ધ્યાન આપતા નથી કારણકે તેમાં તો મહેનત કરવી પડે છે પણ બીજીને માનવા લાગી જાય છે કારણકે તેતો સહેલી સટ છે. કોઇને પણ ન માનવુ એવું તો માણસનો નફસ ચાહેછેજ. અને જો તેનું ચાલે તો તે ખુદાની તાબેદારી કરવાનું પણ છોડી દે. જ્યારે પોતાને પેદા કરનારની તાબેદારી તેમને પસંદ પડતી નથી તો પછી પીરલોકોની તાબેદારી તો તેને પસંદ હોયજ શાની. તો આવા આવા કારણોને લીધે લોકો બેફાક થઇ જાય છે અને નફસાનીયતને લીધે ઉઘાડે છોગે બેપરવા થઇ ભળતુંજ બોલવા માંડે છે. આવું થવાનુ કારણ પણ આવા પરદેશી લોકોજ છે કારણ કે પોતાની નામવરી કરવા માટે તેઓ એક નવીજ વાત પેદા કરી લોકો આગળ

મુકે છે. હાલમાં સાંભળવામાં આવ્યું છે કે કેટલાક લોકો એમ કહે છે કે ફાતેહા પઢવા દુરસ્ત નથી. ત્યારે શું આજ સુધી પઢતા હતા તે બેવકુફ હતા? ફાતેહામાં અલહમદો તથા કુલ–હોવલ્લાહની સુરત પઢવામાં આવે છે. તો આ સુરતો પઢવામાં શું ગુન્હો છે? કુલ–હોવલ્લાની સુરત તો કુરાનનો સાર માનવામાં આવે છે એટલે જે કુલ-હોવલ્લાહ પઢે છે તેને કુરાનશરીફ પઢવાનો સવાબ મળે છે. જો આવું છે તો પછી એ પઢવામાં હરકત શું છે? આને માટે જ્યારે પેલા ફાતેહા બંધ કરનારા લોકોને પુછવામાં આવે છે તો તેઓ કહે છે કે ફાતેહા પડવા કાંઇ ફરજ, વાજીબ કે સુન્નત નથી તેટલા માટે તે પઢવાની કાંઇ જરૂર નથી. તો આવું કહેનાર માણસોને આપણે પુછીશું કે ઘઉંની રોટલી ખાવી એ કેવું છે! ફરજ છે, વાજીબ છે કે સુન્નત છે? જો ત્રણેમાંનું એક પણ ન હોય તો તેને શા માટે ફરજ તરીકે માની બેઠા ગો? તમને તો એના વગર એક દહાડો પણ ચાલતું નથી. જો એવુંજ છે તો તેને પણ કેમ છોડતા નથી? તેને તો તમે ફરજ તરીકે ગણી એક દીવસ પણ છોડતા નથી અને ફાતેહા જેવી ચીજ છોડવા તૈયાર થઇ જાઓ છો? પણ જ્યાં મતલબની વાત આવે છે ત્યાં બધા મસલા ચટ થઇ જાય છે! આવા લોકો દુનિયાને સુધારવા આગળ પડેતો શું ફાયદો થાય? જવ ખાવા સુન્નત છે અને જ્યારે તેની વાત નીકળે છે ત્યારે જવની તારીફ પણ તેઓ એટલી કરે છે કે જેની કાંઇ હદ નહીં! પણ એવા લોકો જવ કેવા થાય છે તથા ખાવામાં સ્વાદે કેવા છે તે પણ જાણતા નથી તો પછી જવ ખાવાની તો શું વાત! સાધારણ લોકો તો શું પણ આ જમાનામાં કોઇ આલિમ પણ એવો નહીં નીકળે કે જે છાતી ઠોકીને

એમ કહે કે મેં જવ ખાધા છે! જવ ખાવાની ખાસ સુન્નત તેમને યાદ આવતી નથી પણ ફાતેહા છોડી દેવાનું યાદ આવે છે! વાહ શું લોકોને સુધારવાનો રસ્તો છે! પણ લોકોને એવા રસ્તે દોરવાથી ઇસ્લામને ફાયદાને બદલે નુકસાંન પહોંચવાનો વખત આવે છે. તેઓતો પોતાની ફાકીયત અને હુશીઆરી બતાવવા વાતો કહાડે છે પણ તેથી નુકશાન કેટલું થાય છે તેનો તેઓ જરા પણ વિચાર કરતા નથી.

આ બધું પણ પરદેશી હલકા માણસોની તાલીમ-શીખવણી થીજ થાય છે. પરદેશીઓ પોતાને જાહેરમાં લાવવા માટે નવી નવી વાતો કહાડે છે અને પોતાનો મરતબો બુલંદ કરે છે માટે તેવા ઓથી આપણા લોકોએ સાવચેત રહેવું જોઇએ. જો સાવચેત નહીં રહેશે તો આગળ ઉપર આથી પણ વધારે નુકશાન થશે! હલકા લોકો ઇલમ પઢીને કોમના સરદાર અને બુઝુર્ગ થઇ જવા માંગે છે પણ તેમનું પેઢીનામું તેમની આડે આવે છે. કારણકે જ્યાંના તે રહે-વાસી હોય છે ત્યાં તો લોકો તેમની અસલ નસલથી વાકેફ હોય છે એટલે ત્યાં તેમનું કાંઇ પણ ટટ્ટુ ચાલતું નથી. પણ જ્યાં તેઓ બ-હાર ગામ ગયા કે તરત પીરજાદા બની બેસે છે અને લોકોને ફસા વવાનો ધંધો કરે છે. આપણાં લોકો પણ બિચારા એવા ભોળા હોય છે કે આવાઓના હસબ નસબની ખાત્રી કરતા નથી અને ઉલટા પોતાના ગામની આસપાસ કોઇ પીરની દરગાહ હોયછે તો તેની સનદ માગવા ઉભા થાય છે. કોઇ તાઈ તંબોલી ઉત્તર હીંદુસ્તાન તરફથી ઇલમ પઢીને આવેછે તેને તેઓ પોતાનો સરદાર ગણેછે અને તેને "મૌલાના" "મૌલાના" કરીને બોલાવેછે જ્યારે દરગાહ જેવી જાહેર સનદ જુવેછે તો પણ હઠધરમી વાપરી નકામા શક ઉભા કરે છે. પણ તેમણે જાણવું જોઇએ કે ખરા તે ખરા છે. એ કાંઈ

ગિલિટ નથી કે ઉતરી જાય. માટે ખરાને ખરા તરીકે માનવામાંજ શોભા છે. જયારે હલકા ગિલિટવાળાને માનવા તૈયાર થઇ જાવ છો ત્યારે ખરાને માનવામાં શું હરકત છે? ખરા તેજ ખુદાના ત્યાં ખરા થવાનાંછે. કાંઇ ખોટા ખરા થવાના નથી. દુનિયામાં તો તેઓ તમને ગમે તેમ આંજી નાખશે પણ ખુદાના ત્યાં કાંઇ ચાલવાનું નથી. આને માટે તેઓ જવાબદાર છે તેવા તમે પણ જવાબદાર છો. કારણકે ખુદાતાલાએ તમને અક્કલ તથા આંખો આપેલ છે. તેનો જો કદી તમે બરાબર ઉપયોગ નહીં કરો તો તેના જવાબદાર તમે છો. જેની ખાનદાની, બુજ્રુર્ગી, ઇલમ, રહેણી વિગેરેથી તમે વાકેફ હોવ તેવા પીરજાદાનો પલ્લો પકડો તો તે ઠીક કહેવાય. નહીં તો હલકા માણુસો તો તમને આખરે હલકા પાડયા વગર કદી પણ રહેવાના નથી. ખાનદાની માણુસો હશે તો તમને સારે રસ્તે દોરશે નહીં તો તમારા માલ મસાલા ઉપર મોજ મજા ઉડાવી તમને ખાડામાં નાખશે. માટે હલકા માણુસોના પંજામાં કદી પણ આવવું નહીં.



# મુરીદ થનારે શું જોવું.

કોઇ માણુસ જે સખસનો મુરીદ થવા માગતો હોય તે સખસ જો કોઇ સિલસિલો ચલાવનાર ગાદીવાળો અગર તેના કુટુંબનો ન હોય તો જે માણુસનો તે મુરીદ થાય છે તેની પાસે તે સિલસિલાની ખિલાફતની લેખી સનદ છે કે નહીં તે જોવું તથા તેના બાપદાદાનો શિજરો જોવો કે ચાર અસહાબોમાંથી કયા અસહાબને મળે છે. આથી તે ખાનદાની છેકે નહીં તે જણાઇ આવશે. તે ઉપરાંત તેનો ખિલાફતનો શિજરો જોવો કે કયા તરીકાનો છે. આવા શિજરા વગર તે તે તરિકાનો ખલીફા ગણાય નહીં. આવા સખસે જો કોઇને મુરીદ કરવો હોય તો તેની પાસે મુરીદ કરવાની સનદ તથા ખિલાફતનો શિજરો એવાં સાધનો જોઇએ. એકલો બુજ્રુગોંનો શિજરો હોય તો તેથી તે કોઇને મુરીદ બનાવી શકતો નથી. એવો શિજરો તો ગાદીવાળા સાહેબ જે મુરીદ માગે તેને આપે છે. તેથી મુરીદ કરવાની પરવાનગીની ખાસ સનદ મેળવવી જોઇએ. જો તેની પાસે પોતાના બાપદાદાનો શિજરો તથા ખિલાફતનો શિજરો અને મુરીદ કરવાની ખિલાફતની સહી સિક્કાવાળી સનદ ન હોય તો તે કોઇને પણ મુરીદ કરી શકતો નથી. અને આવા સખસના જે કોઇ મુરીદ થાય તે કોઇ પણ સિલસિલામાં દાખલ થઇ શકતાનથી ફક્ત અધરીયાજ રહેછે. જેનાતે મુરિદ થાય તેનાજ ટોળાના તે કહેવાય. બુજ્રુગોંના કાનુંન પ્રમાણે મુરીદ કરવામા આવે તોજ તે બુજ્રુગોંના સિલસિલામાં દાખલ થઇ શકે; ત્યાં સુધીતો નહીં.

આ બુક નીચે લખેલી જગ્યાએથી મળશે.

મી. જીવણદાસ લખમીદાસ જનરલ મરચંટ
અંકલેશ્વર જીલ્લે ભરૂચ.

મી. ચુનીલાલ જેચંદ બુકસેલર
ઠે. શાકપીઠું—પાદરા; પ્રાંત વડોદરા.

મી. મદુભાઈ બી. એન્ડ કુાં૦
બુક પબ્લીશર્સ, કોટવાળ શેરી; મુ. સુરત.